# ધાનેરા થરાદ રોડ પર કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલી

**વાહનો ફસાઈ જાય તો વાહનચાલકને કલાકો સુધી હેરાન થવું પડે છે : ડ્રાયવર્ઝન ની કોઈ જ સુવિધા આપી નથી : ધૂળની ડમરીઓ ઉડી રહી છે અકસ્માતનો મોટો ભય**

ધાનેરા થી થરાદ સુધી નવીન રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે જેમાં કોન્ટ્રાક્ટરની ગંભીર બેદરકારીના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે અને મોટું નુકસાન વેઠવું પડે છે.



ધાનેરા થી થરાદ સુધી નવીન રોડ બનાવવા માટે તંત્ર દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી છે પરંતુ તંત્ર ની દેખરેખ પૂરતી ન હોવાના કારણે વાહનચાલકો તેમજ અન્ય લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે કોન્ટ્રાક્ટર દ્વારા વાહન ચાલકોને ડ્રાયવરઝન કોઈ જ સુવિધા ના આપતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાયા છે રસ્તા પર આટલી બધી રેત ખડકી દેવામાં આવી છે કે જેને લઈ વાહનોને પસાર થવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે અને જો કોઈ વાહનચાલક ત્યાંથી પસાર થાય અને તેનું વાહન ફસાઈ જાય તો કલાકો સુધી તેને હેરાન થવું પડે છે જ્યારે કોઈ મેડિકલ કે ઈમરજન્સી લોકોને દવાખાને જવું હોય તો પણ લોકોને આ જ પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે તો બીજી તરફ ત્યાંથી પસાર થતા મોટા વાહનો ભારે રેત કારણે પલટી ખાઈ જવા પામે છે અને વાહન ચાલકને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે તો બીજી તરફ આ રસ્તા પર ધૂળની ડમરીઓ ઊડી રહી છે અને સામેથી આવતા વાહનો પણ દેખાતા નથી જેને લઈ મોટો અકસ્માત થવાની પણ શંકાઓ સેવાઈ રહી છે જાહેર રસ્તા પર રેતી ખડકી દેવામાં આવી છે પરંતુ તેના પર પાણીનો છંટકાવ પણ નથી કરવામાં આવતો જેને લઈ ભારે વાહનોને થી રેત ઉઠી રહી છે અને સામેથી આવતા વાહનો દેખાતા નથી ત્યારે જો આમાં કોઈ મોટો અકસ્માત થાય અને મોટી જાનહાનિ સર્જાય તો તેના માટે જવાબદાર કોણ માટે વાહનચાલકો તેમજ સ્થાનિક લોકોની માંગ છે કે તંત્રના અધિકારીઓ એકવાર આવી સ્થળની મુલાકાત લે અને વાહન ચાલકોની મુશ્કેલી દુર કરે.

# રાજ્યમાં ડેન્ગ્યુ હજુ બેકાબૂ

**જામનગર, રાજકોટ, અમદાવાદમાં હાલત કફોડી : મોતના આંકડાને લઇને વિરોધાભાષી અહેવાલો સપાટી પર આવતા ચિંતા વધી : હોસ્પિટલમાં ખાટલાઓની કમી**

અમદાવાદ, તા. ૧૬

અમદાવાદની સાથે સાથે રાજ્યભરમાં ડેંગ્યુ રોગચાળાએ જોરદાર હાહાકાર મચાવી દીધો છે. આજે એકલા જામનગરમાં વધુ ૬૪ કેસ સપાટી પર આવતા કેસોની સંખ્યા વધીને ૧૦૦૦થી પણ ઉપર પહોંચી ચુકી છે. રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, સુરત, વડોદરા, જામનગર અને અન્યત્ર વિસ્તારમાં ડેંગ્યુએ જોરદાર આતંક મચાવ્યો છે. જામનગરમાં મોતના આંકડાને લઈને ભારે વિરોધાભાષની સ્થિતિ પ્રવર્તી રહી છે. સરકારના કહેવા મુજબ આઠ લોકોના મોત થયા છે જ્યારે જામનગરમાં ૧૧ના મોત થયા હોવાના અહેવાલ મળી રહ્યા છે. ડેંગ્યુએ જોરદાર આતંક મચાવતા કાબૂ બહાર સ્થિતિ થઈ છે. એકલા સપ્ટેમ્બર મહિનામાં જ ૬૦૦૦ જેટલા ઈન્ડોર દર્દીઓને સારવાર આપવામાં આવી હતી. હાલમાં જામનગરની ખાનગી હોસ્પિટલમાં ૫૦૦થી પણ વધુ દર્દીઓ સારવાર હેઠળ હોવાના અહેવાલ મળ્યા છે. જિલ્લામાં વધારે પડતા વરસાદના કારણે પણ ચિંતાજનકરીતે કેસોની સંખ્યા વધી છે. તમામ લોકો જાણે છે કે, મોનસુનની વર્તમાન સિઝનમાં જામનગરમાં સૌથી વધારે વરસાદ થયો છે. જામનગરમાં આ સિઝનમાં ૧૧૨૧ મીમી સુધીનો વરસાદ થયો છે. એટલે કે સામાન્ય વાર્ષિક સરેરાશ કરતા ૧૮૨ ટકા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત અનેક વિસ્તારોમાં મોસ્કિટો બ્રિડિંગ સ્થળો મળી આવ્યા છે. અમદાવાદ શહેરમાં પણ સ્થિતિ એકદમ સારી દેખાઈ રહી નથી. પહેલી જાન્યુઆરીથી લઈને ૧૫મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં અમદાવાદ અને જામનગર મ્યુનિ સત્તાવાળાઓએ મોતના અહેવાલને સમર્થન આપ્યું છે. અમદાવાદમાં પણ ડેંગ્યુએ જોરદાર આતંક મચાવી દીધો છે. ડેંગ્યુ મોતને લઈને જે આંકડા વિરોધાભાષી આવી રહ્યા છે તેનાથી ચિંતા વધારે ફેલાઈ ગઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણમાં મુખ્ય સચિવ જયંતિ રવિના કહેવા મુજબ ગાંધીનગરમાં ગયા વર્ષની સરખામણી કરવામાં આવે તો ચિત્ર સ્પષ્ટ થાય છે. ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે રોગચાળાના કેસોમાં ૪૮.૩ ટકા સુધીનો વધારો થઈ ચુક્યો છે. આંકડા ઉપર નજર કરવામાં આવે તો પહેલી જાન્યુઆરીથી ૧૪મી ઓક્ટોબર વચ્ચેના ગાળામાં ૫૯૬૧ ડેંગ્યુના કેસો અને ૭૫૯૩૨ શંકાસ્પદ ડેંગ્યુ કેસો નોંધાઈ ચુક્યા છે.

જામનગરમાં સપ્ટેમ્બર બાદથી ૧૧ના મોત થઈ ચુક્યા છે. અમદાવાદની વાત કરવામાં આવે તો અહીં પણ હાલત કફોડી બનેલી છે. અમદાવાદમાં મોતનો આંકડો પણ વધી રહ્યો છે. રોગચાળાને રોકવા માટે ફોગિંગ સહિતની પ્રક્રિયાને વધુ તીવ્ર કરવામાં આવી ચુકી છે. જામનગર ઉપરાંત રાજ્યના અન્ય ભાગોમાં ડેંગ્યુના નવા મામલા સપાટી ઉપર આવ્યા હતા.

# ડીસાના કસારી પી. એચ. સેન્ટરમાં હેલ્થ વર્કરે ફાંસો ખાઈ જીવન લીલા સકેલી

ડીસા તાલુકાના કંસારી ગામ ખાતે આવેલ પી.એચ.સી સબસેન્ટરમા મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરે પંખા પર દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી. જોકે આ કર્મચારી માનસિક તકલીફની દવા ચાલુ હતી. જેના કારણે તેઓએ આ પગલું ભર્યું હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું હતું.

અમદાવાદના વતની તથા ડીસા ખાતે રહેતા દિપકકુમાર કેશુભાઈ ખંડવી છેલ્લા પાંચ વર્ષ ઉપરાંતથી ડીસા તાલુકાના કંસારી ગામ ખાતે પી.એચ.સી સબ સેન્ટરમાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કર તરીકે ફરજ બજાવતા હતા.બુધવારે તેઓ તેમની ફરજ ઉપર ગયા હતા.જ્યા પેટા આરોગ્ય કેન્દ્રની રૂમના પંખા પર દોરડું બાંધી ગળે આત્મહત્યા કરી લેતા ચકચાર મચી હતી.બનાવની જાણ થતા આરોગ્ય વિભાગનો સ્ટાફ તથા ગ્રામજનો તત્કાલ ઘટના સ્થળે દોડી આવ્યા હતા.જોકે આ અંગે આરોગ્ય વિભાગે જણાવ્યું હતું કે દીપકભાઈ માનસીક તકલીફની દવા લઈ રહયા હતા.જેના કારણે આ પગલું ભર્યું હતું.બનાવની જાણ થતા મૃતકના પિતા તત્કાલ ઘટના સ્થળે દોડી આવી કલ્પાત મચાવ્યો હતો.બાદમાં ડીસા તાલુકા પોલીસ ઘટના સ્થળે દોડી જઈ મૃતકની લાશને પી.એમ માટે ડીસા સિવિલ ખસેડી હતી.

# ધાનેરા તાલુકામાં ડીપ્થેરીયાના રોગથી વધુ એક બાળકનું મોત

ધાનેરા તાલુકામાં ડીપ્થેરીયાના ના રોગ થી ૪ કરતા વધુ બાળકો ના મોત નિપજ્યા છે તો ૧૦ જેટલા બાળકો આ રોગ થી પીડાઈ રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગ ની ટિમ પણ દોડતી થઈ છે અને તાપસ નો ધમધમાટ શરૂ કર્યો છે. બનાસકાંઠા જીલ્લાનુ આરોગ્ય તંત્ર તેમજ ગાંધીનગરથી પણ અધિકારીઓ ધાનેરામાં ધામા નાંખ્યા છે અને આ ડીપ્થેરીયા બાબતે તપાસ હાથ ધરવામાં આવી છે. અગાઉ જાન્યુઆરી ૨૦૧૯ માં પણ ડીપ્થેરીયાના કારણે દિયોદરમાં પણ ત્રણ બાલકો ના મોત નિપજ્યા હતા. ભારત સરકાર દ્વારા આરોગ્ય બાબતે સૌથી વધુ કરોડો રુપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે બનાસકાંઠા જીલ્લામાં આરોગ્ય વિભાગની કામગીરી ઉપર ડીપ્થેરીયાના કેસો બહાર આવતા અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. સરકાર દ્વારા કહેવામાં આવે છે કે ડીપ્થેરીયા પણ નાબુદીના આરે છે ત્યારે ધાનેરા તાલુકામાં આ ડીપ્થીરીયાના કેસ બહાર આવતા આરોગ્ય વિભાગ સામે અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. આ અંગે ના સમાચાર આવતા જ આરોગ્ય વિભાગમાં દોડધામ મચી જવા પામી છે. અને છેલ્લા ત્રણ દિવસથી આરોગ્યની તાલુકાની તેમજ જીલ્લાની ટીમ પણ આ તપાસમાં લાગી જવા પામી છે. અને તપાસ કરતાં બીજા ડીપ્થેરીયાના ૭ કેસ મળી આવ્યા છે અને જેમાં વધુ ત્રણ બાળકોના મોત થયાના સમાચાર આવતા ગાંધીનગરની ટીમ પણ ધાનેરા ખાતે આવી પહાંચી હતી અને આરોગ્યના અધિકારી તેમજ કર્મચારીઓ સાથે બેઠક કરવામાં આવી હતી. છેલ્લા બે મહીનાથી ધાનેરા તાલુકાના મોટા ભાગના લોકો વાયરલ ફિવરનો સિકાર બન્યા છે. અને તેમાં પણ ડેન્ગયુ નુ પ્રમાણ વધતાં લોકોમાં ભારે ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ ધાનેરા તાલુકાના સરાલ વીડ અને લવારા ગામે એક બાળકનું ડીપ્થેરીયાના કારણે મોત થતાં આરોગ્ય વિભાગ હરકતમાં આવી ગયુ છે. આ ડીપ્થેરીયા રોગ બનાસકાંઠાના દિયોદર તાલુકાના ચિભડા ગામે જાન્યુઆરી ૨૦૧૯ માં જોવા મળ્યો હતો અને જેમાં ચિભડામાં બે બાળકોના મોત નિપજયા હતા ત્યારે આ રોગ ફરીથી ધાનેરામાં જોવા મળતા તેમજ આરોગ્ય ની ટીમ દ્વારા તપાસ કરવામાં આવતા હાલમાં ૧૪ ડીપ્થેરીયાના કેસ બહાર આવ્યા છે અને જેમાંથી ચાર બાળકોના મોત નિપજયા હોવાનું પણ આરોગ્ય વિભાગ દ્વારા સ્વીકારવામાં આવ્યુ છે. તેમજ બે બાળકો તો હાલ પણ હોસ્પીટલમાં સારવાર અર્થે રાખવામાં આવ્યા છે જ્યારે આઠ બાળકોને સારવાર આપ્યા પછી હાલ ઘરે સહી સલામત છે. પરંતુ આ બાબતે જો આરોગ્ય વિભાગ દ્વારા તપાસ કરવામાં આવે તો જીલ્લામાં મોટા પ્રમાણમાં કેસ બહાર આવવાની સક્યતાઓ જોવા મળી રહી છે ડેપ્થેરિયા રોગ શુ છે અને તેના બચવા માટે શું કરવું જોઈએ ચાલો જાણીએ ડો બીજી મોર પાસેથી.



# ભિલોડા મામલતદારને અન્ન સુરક્ષા અધિકાર અભિયાન સમિતિએ આવેદનપત્ર આપ્યું

ભિલોડા, તા. ૧૬

અન્ન સલામતી કાયદો-૨૦૧૩ના અમલીકરણના કાયદાનું રાજ્યમાં અને અરવલ્લી જીલ્લામાં અસરકારક અમલવારી અને ટ્રાયબલ વિસ્તારના લોકોને અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અંગે માહિતગાર કરવામાં આવે અને આદિવાસી વિસ્તારમાં યોજનાનો લાભ મળી રહે તે માટે અન્ન સુરક્ષા અધિકાર અભિયાન સમિતિએ ભિલોડા મામલતદારને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.



આદિવાસી અધિકાર મંચ અરવલ્લી-સાબરકાંઠા અન્ન સુરક્ષા અધિકાર અભિયાન સમિતિના જીલ્લા પ્રમુખ રમણભાઈ પાંડવ અને ભિલોડાના જશુભાઈ અસારી અને સમિતિના સદશ્યોએ ભિલોડા મામલતદારને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે, અરવલ્લી જીલ્લા અને ભિલોડા તાલુકાના નાગરિકોને અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અમલીકરણ અને આદિવાસી વિસ્તારના લોકોને કાયદાની માહિતી અને કાયદા હેઠળના વિવિધ લાભો જેવા કે, અન્ન સલામતી કાયદા હેઠળ અગ્રતાક્રમ ધરાવતા કુટુંબોને વ્યક્તિ દીઠ ૫ કિલો અનાજ અને અંત્યોદય રાશનકાર્ડ ધરાવતા પરિવારને ૩૫ કિલો અનાજ ૨ રૂપિયે કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખાનો જથ્થો પુરેપુરો આપવામાં, રેશન વિતરણની દુકાનો મહિનામાં ૨૪ દિવસ ખુલ્લી રાખવામાં અને કોમ્પ્યુટર રશીદ આપવામાં આવે, રેશનિંગ વિતરણ કરતી દુકાનોમાં ૧૦ તારીખ પહેલા જથ્થો ફાળવવામાં આવે અને સ્ટોકના બોર્ડ દર્શાવાની માંગ કરવાની સાથે આંગણવાડી માંથી પોશાક આહાર પુરેપુરો મળી રહે, પાણી અને શૌચાલયની સુવિધાથી કોઈ પરિવાર વંચિત ન રહે અને મધ્યાહ્ન ભોજન સુવિધા સુધારવામાં આવેની માંગ કરી હતી.

# વર્લ્ડ સ્પાઈન ડે નિમિત્તે શેલ્બી મલ્ટી સ્પેસિયાલિટી હોસ્પિટલ દ્વારા કમરના રોગોને લઈને સેમિનારનું આયોજન

વર્લ્ડ સ્પાઈન ડે નિમિત્તે શેલ્બી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ દ્વારા કમરના રોગોને લઈને સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પીઠનો દુખાવો એ સામાન્ય કારણોમાંનુ એક છે જે દર્દીઓને ડૉક્ટરોના ક્લિનિક તરફ દોરી જાય છે. ચારમાંથી ત્રણ પુખ્ત વયના લોકો તેમના જીવનકાળ દરમિયાન ક્યારેક ને ક્યારેક પીઠનો દુ:ખાવો અનુભવે છે. પીડાની તીવ્રતા વ્યક્તિ-વ્યક્તિમાં બદલાઈ શકે છે. પરંતુ લાંબો સમય ચાલનારો કમરનો દુખાવો દર્દીઓને શારીરિક, માનસિક અને આર્થિક રીતે ભાંગી નાખે છે.

કમરની નીચેના ભાગમાં દુખાવો એ માનવીને થતા વિવિધ સામાન્ય દર્દોમાંથી એક છે. પીઠનો દુખાવો બાળપણથી લઈને વૃદ્ધ સુધીના તમામ વયજૂથોમાં થઈ શકે છે. સૌથી આશ્ચર્યજનક તથ્ય એ છે કે કદાચ આ રોગ વિશેની આપણી જાગૃતિ અને જાણકારી ખુબજ ઓછી છે. કમરના નીચેના ભાગમાં થતો દુખાવો કદાચ હૃદયરોગના હુમલા જેટલો ઘાતક ના હોય તો પણ દર્દીનું જીવન દયનિય બનાવી દે છે. અમે ડૉક્ટરો સામાન્ય રીતે જીવન સાથે અથવા તો ઉમંરને લીધે થતી સમસ્યાઓ માની એક સમજતા હોઈએ છીએ. કમર એ શરીરનો એ ભાગ છે કે જે ઉપર માથાથી લઈ નીચે નિતંભ સુધી આવેલો છે. મેડિકલ ભાષામાં કમર એ કરોડસ્તંભ, સ્નાયુઓ તથા તેને જોડતા લિગામેન્ટ, કરોજરજ્જુ અને અન્ય સૌલગ્ન ભાગથી બનેલ છે. કરોડસ્તંભ એ હાડકાના નાના મણકાઓથી બનેલ મિનાર સ્વરૂપ માળખુ છે. પાસપાસેના બે મણકાઓની વચ્ચે ડિસ્ક (ગાદી) આવેલ છે. કરોડસ્તંભ માથાને સહારો આપે છે અને મગજને શરીરના અન્ય ભાગો સાથે કરોડરજ્જુને નસો દ્વારા સાંકળે છે.

# ખેડબ્રહ્માના ગાડુમાં બાઈક ટક્કરની ફરિયાદ સામે એટ્રોસિટીની ફરિયાદ

ખેડબ્રહ્મા, તા. ૧૬

ખેડબ્રહ્મા તાલુકાના ગાડુ ખાતે એક બાઈકથી ટક્કર મારવા સામે જાનથી મારી નાખવાની અને જતી વિરુદ્ધ અપશબ્દો બોલવા બાબતે ફરિયાદ નોંધાઈ હતી.

મોતીપુરા વસાહત (ગાડુ) ખાતે વસવાટ કરતા મહેન્દ્રભાઈ શેતાનભાઈ વણજારાએ ગાડુ ગામના જ કૃણાલ હિતેશભાઈ વણકરે મોટર સાયકલ ન. જી.જે.૯.સી.એ.૮૨૦૬ પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી જયેશભાઈને ટક્કર મારતા શરીરે ઈજાઓ પહોંચાડતા મહેન્દ્રભાઈ કૃણાલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૨૭૯, ૩૭૭, એમ.વી.એક્ટ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધ્યો હતા.

સામે પક્ષે ગાડુના કિરણભાઈ મોતીભાઈ વણકરે પોતાનુ બાઈક વણઝારા વાસ પાસે મૂકી ભત્રીજો કૃણાલ ત્યાં ઉભો હતો તે સમયે જયેશ અને બીજા લોકો બાઈક ઉપર પડતા તેમ ન કરવા જણાવતા તે લોકો ઉશ્કેરાઈ જઈ મા બેન સામી ગાળો બોલી ગડદાપાટુનો માર મારી જતી વિરુદ્ધ અપશબ્દો બોલી મારી નાખવાની ધમકી આપતા કિરણભાઈએ વણઝારા મહેન્દ્રભાઈ શેતાનભાઈ, વણઝારા ગુલાબભાઈ અલખભાઈ, વણઝારા ગણપત ભાઈ અખાભાઈ, વણઝારા મહોબતભાઈ સરતાનભાઈ, વણઝારા ભેમાભાઈ સરતાનભાઈ, વણઝારા કાળુભાઈ તેજભાઈ, વણઝારા વિરાભાઈ ઠાકર ભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આઈ.પી.સી.કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૪૩, ૧૪૭, ૧૪૯, અને એટરોસિટી એક્ટ ક.૩.(૧) (આર)(એસ) મુજબ ફરિયાદ નોંધી હતી.

# મેડિકલ સ્ટોરને લાયસન્સ ભાડે આપી બીજે નોકરી કરતા ત્રણ હજાર ફાર્માસીસ્ટોને ચેતવણી

**ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ તરફથી વધુ ૧૦૩ ફાર્માસીસ્ટોને સસ્પેન્ડ કરીને દંડ ફટકારાયો : છ મહિનામાં ૨૪૧ સામે કાર્યવાહી : અનેક દવા ઉત્પાદક કંપનીઓના ફાર્મા કર્મચારીઓ પર તવાઈ**

અમદાવાદ, તા. ૧૬

મેડિકલ સ્ટોરને લાયસન્સ ભાડે આપીને બીજી કંપનીમાં નોકરી કરતા ત્રણ હજાર ફાર્માસીસ્ટોને ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ તરફથી ચેતવણી આપવામાં આવી છે. આવી ગેરકાયદે ડ્યુઅલ જોબ કરતા ફાર્માસીસ્ટોના લાયસન્સ રદ કરવા સહિત અનેક કડક પગલાં લેવામાં આવશે. તાજેતરમાં કાઉન્સિલની બેઠકમાં વધુ ૧૦૩ ફાર્માસીસ્ટોને સસ્પેન્ડ કરીને તેઓને દંડ ફટકારવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. છેલ્લા છ મહિનામાં ૨૪૧ ફાર્માસીસ્ટો સામે કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં અનેક દવા ઉત્પાદક કંપનીઓના ફાર્મા કર્મચારીઓ પર તવાઈ આવી છે.

કાઉન્સિલના પ્રમુખ મોન્ટુભાઈ પટેલે આ માહિતી આપતા જણાવ્યું હતું કે મેડિકલ સ્ટોર એ કંઈ સામાન્ય વ્યવસાય જ નથી, બલકે ઉમદા કામગીરી છે, જેમાં દર્દીને યોગ્ય માર્ગદર્શન અને સલાહસૂચનો આપીને તેનો જીવ બચાવવાની પ્રક્રિયામાં સહભાગી બની શકાય છે. ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ,૧૯૪૮ના પીપીઆર-૧૫ અંતર્ગત ફાર્માસીસ્ટોના કાઉન્સેલિંગ પછી જ દવાઓનું વેચાણ કરી શકાય. કાઉન્સિલની એક્ઝિક્યુટિવ કમિટીની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં ૧૦૩ ફાર્માસિસ્ટોના રજીસ્ટ્રેશન રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ફાર્માસિસ્ટો સ્ટોરને પોતાનું લાયસન્સ ભાડે આપી દેતા હતા અને પોતે બીજી કંપનીમાં નોકરી કરતા હતા, જે નિયમ વિરુદ્ધ છે.

હજી વધારે ફાર્માસિસ્ટોની સુનાવણી ચાલુ છે. આવી ગેરકાયદે પ્રવૃત્તિઓને હરગીઝ સાંખી લેવામાં નહિ આવે. જરૂર પડ્યે આવા કેસોની વિશેષ સુનાવણી હાથ ધરવામાં આવશે. આવા ત્રણ હજાર ફાર્માસીસ્ટોને ચેતવણી આપવામાં આવી છે. જનતાના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલા અને ફાર્મસી વ્યવસાયની પ્રતિષ્ઠાને ઝાંખપ લગાડતા ફાર્માસીસ્ટોના લાયસન્સ પણ સસ્પેન્ડ કરવામાં આવશે. કાઉન્સિલે છેલ્લા છ મહિનામાં આવા ૨૪૧ ફાર્માસીસ્ટોના રજીસ્ટ્રેશન રદ કર્યા છે અને દંડ ફટકાર્યો છે. આટલા મોટા પાયે કાર્યવાહી થઈ હોય એવું ભારતમાં પ્રથમવાર અને કાઉન્સિલના ઈતિહાસમાં પહેલીવાર બન્યું છે.

## ચિંતા વ્યક્ત કરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ત્રણેક વર્ષ પૂર્વે તત્કાલીન પંચાયત પ્રમુખ હિના પટેલે આ દિશામાં ગંભીર ચિંતા સેવી અને બાળકીના જન્મને પ્રોત્સાહિત કરવા માટે ખાસ બોન્ડ આપવાનો નિર્ણય કર્યો હતો. જો કે આને એક રાષ્ટ્રીયકૃત બેંકે સમર્થન કરી અને તેમાં રૂ. ૧૦૦નો ઉમેરો પણ કર્યો હતો. પરંતુ આ પછી સત્તા પલ્ટો થયો અને આખીય યોજના પડતી મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો જે નોંધનીય છે.

હવે જિલ્લામાં પુનઃ એકવાર ચાઈલ્ડ સેક્સ રેસિયાને લઈ ભારત સરકારે જે ચિંતા વ્યક્ત કરી છે તેને લઈ સરકાર અને વહીવટીતંત્ર શુ પગલાં ભરે છે તે જોવુ રહ્યુ. ભારત સરકારે તો બેટી બચાવો બેટી પઢાવો અંતર્ગત જે ગ્રાન્ટ આપવામાં આવતી હતી તેમાં વધારો કરવાનો પણ નિર્ણય કર્યો છે. આ ગ્રાન્ટનો ઉપયોગ વધુમાં વધુ કરવામાં આવે તેવો આગ્રહ પણ ભારત સરકારે કર્યો હોવાનુ જાણવા મળેલ છે.

## પાંજરા મુકાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નદીકીનારા ગામો ધમરોળતો હોવાનુ પણ મનાઈ રહ્યુ છે. વનતંત્રએ બે દિવસ અગાઉ જ દિપડાને કેદ કરી હાંશકારો અનુભવ્યો હતો. પરંતુ હજુ આ વિસ્તારમાં દિપડો દેખા દેતા વનતંત્રએ ફરી પ્રયત્નો શરૂ કરી દીધા છે. બીજીતરફ ગાંધીનગર તાલુકાના દશાલા ગામમાં પણ ખેડુતોએ દિપડાને જોયો હોવાની વાત સામે આવી છે. આ સ્થિતિ વચ્ચે વનવિભાગે ત્રણેય જગ્યાએ પાંજરા મુકીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ છે.

## કારણદર્શક નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુળભુત અધિકાર મુજબ સમાજના છેવાડાના નબળા વ્યકિતઓને રહેણાંક માટે વૈકલ્પિક જગ્યા આપવી અનિવાર્ય છે. છેલ્લા ૩૦ વર્ષથી આ જગ્યા પર આશરે ૨૦૦ જેટલા વ્યકિતઓ વસવાટ કરે છે. તેમના કાચા પાકા મકાનો દુર કરવામાં આવે તો તેઓ નિરાધાર બની જાય તેમ છે. તેમ પણ તેમણે જણાંવ્યુ હતુ. જેને ધ્યાને લઈ હાઈકોર્ટના ન્યાયમુર્તિ વી એમ પંચોલીએ માર્ગ મકાન વિભાગના સચિવ , કલેકટર, મ્યુ કોર્પોરેશન તેમજ કાર્યપાલક ઈજનેરને કારણદર્શક નોટીસ ઈશ્યુ કરી છે. જયારે આગામી તા ૧૮ નવેમ્બર સુધીમાં સરકારને લેખિત જવાબ રજુ કરવા માટે આદેશ કર્યો છે. જયારે આ મુદત સુધી આગળ કોઈ કાર્યવાહી ન કરવા માટે પણ ફરમાન કરાયુ છે.

## સફાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભિયાન હાથ ધરાયુ છે. જેના ભાગરૂપે નગરના જ અને છ માર્ગ આસપાસ ઘાસ તેમજ વનસ્પતિની સફાઈ કરી દેવામાં આવી છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા મુજબ નગરના આડા અને ઉભા રસ્તાઓની સફાઈ કરવામાં આવશે જયારે દિવાળીના અંતે વન આરક્ષિત જગ્યાને અનુલક્ષીને લગાવાયેલી તુટેલી ફેન્સીંગનુ પણ સમારકામ હાથ ધરાશે. હાલ કેટલાક ઠેકાણે ફેન્સીગમાં ગાબડા જોવા મળી રહ્યા છે. જયારે કેટલાક ઠેકાણે ફેન્સીંગના થાંભલા પણ જમીનદોસ્ત થઈ ગયા છે.જેથી રખડતા ઢોર પણ આ ફેન્સીંગમાંથી ઘુસીને વન આરક્ષિત વિસ્તારમાં અડ્ડો જમાવે છે. હાલ શહેરમાં ટ્રીમીંગની કામગીરી પણ ફરિયાદ મુજબ કરવામાં આવી રહી છે.

## ઉગ્ર માંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ વિશેષ થયુ છે. જેના લીધે હાલની સ્થિતિએ આ માર્ગની સરફેસ ઉબડ ખાબડ બની છે. આવા સંજોગોમાં આ માર્ગને રીસરફેસ કરવા માટે પણ પ્રવાસીઓમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે. પ્રવાસન પથ તરીકે ઓળખાત ગાંધીનગર મહુડી માર્ગને પહોળો કરી પ્રવાસીઓ માટે વધુ સુવાળો અને સુવિધાયુક્ત કરાયો છે. પરંતુ સમયાંતરે માર્ગના રીસરફેસીંગનુ કામ હાથ ન ધરાતા રસ્તાની દશા ખરાબ થતી જાય છે. આગામી દિવસોમાં કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા આ માર્ગની જાળવણી માટે કામગીરી હાથ ધરાય તેવી માંગ ઉઠવા પામી છે.

## ચુકાદો આરક્ષિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલીક આગળ પાછળની બાબતોની શક્યતા રહે છે. આ શક્યતાને પણ ચકાસવામાં આવી રહી છે. બંધારણીય બેંચમાં સીજેઆઈ રંજન ગોગોઈ ઉપરાંત જસ્ટિસ એએસ બોબડે, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એસએ નઝીરનો સમાવેશ થાય છે. અયોધ્યા મામલામાં નિયમિત સુનાવણી નક્કી કરવામાં આવ્યા બાદથી ૪૦ દિવસ સુધી હિન્દુ અને મુસ્લિમ પક્ષોએ પોતપોતાની દલીલો કરી હતી. આજે ૪૦માં દિવસે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આજે ૪૦માં દિવસે સુનાવણી દરમિયાન મુસ્લિમ પક્ષના વકીલે હિન્દુ પક્ષ તરફથી જમા કરવામાં આવેલા એક નકશાને ફાડી નાંખતા બંને પક્ષોના વકીલોમાં ખેંચતાણ થઈ હતી. આને લઈને સીજેઆઈએ કઠોર પ્રતિક્રિયા આપી હતી. મામલામાં સામેલ રહેલા પક્ષો એવા માહોલને સર્જવાના પ્રયાસ કરી રહ્યા છે જે સાનુકુળ નથી. તેમણે કહ્યું હતું કે, અમે સુનાવણીને આ રીતે આગળ વધારવા ઈચ્છુક નથી. લોકો ઉભા થઈ રહ્યા છે અને નંબર આવ્યા વગર પણ નિવેદનબાજી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં અમે પણ ઉભા થઈને મામલાની કાર્યવાહી ખતમ કરી શકીએ છીએ. આજે ૪૦માં દિવસે અખિલ ભારતીય હિન્દુ મહાસભા તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ વિકાસસિંહે એક પુસ્તક અને કેટલાક દસ્તાવેજોની સાથે ભગવાન રામના જન્મસ્થાનની ઓળખ કરીને એક નકશાને રજૂ કર્યો હતો. મુસ્લિમ પક્ષ તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલ રાજીવ ધવને દસ્તાવેજના રેકોર્ડમાં નહીં હોવાની વાત કરી હતી અને વાંધો ઉઠાવ્યો હતો. કોર્ટમાં દસ્તાવેજને ફાડી નાંખવાની પાંચ જજની બેંચને મંજુરી માંગતા ધવને કહ્યું હતું કે, શું તેમને દસ્તાવેજને ફાડી નાંખવાની મંજુરી છે. આ સુપ્રીમ કોર્ટથી મજાક નથી. ત્યારબાદ તેઓએ દસ્તાવેજના ટુકડે ટુકડા કરી દીધા હતા. ધવને વિકાસસિંહ દ્વારા મામલા સાથે જોડાયેલા એક પુસ્તકને જમા કરવાના પ્રયાસ ઉપર પણ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે જોર જોરથી હોબાળો મચાવ્યો હતો અને વિરોધ કર્યો હતો. ધવનની વાંધાજનક ટિપ્પણીની કોર્ટે નોંધ લીધી હતી. સિંહે ભારપૂર્વક કહ્યું હતું કે, સીતા રસોઇ અને સીતા કુપના નકશાથી જગ્યાની ઓળખ થાય છે જે ભગવાન રામની જન્મભૂમિ છે.

## હાઈએલર્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

સૂચના આપી છે. રાજ્ય સરકારે આદેશ જારી કરવા અને રજાઓ રદ કરવા માટેનું કારણ તહેવાર આપ્યું છે પરંતુ એમ માનવામાં આવે છે કે, આગામી મહિનામાં અયોધ્યા મામલામાં ચુકાદો આવનાર છે જેથી સુરક્ષા મજબૂત કરવામાં આવી છે. આજે સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટમાં જોરદાર ધાંધલ ધમાલ અને ડ્રામાબાજીની સ્થિતિ સર્જાઈ હતી. એકબાજુ મુસ્લિમ પક્ષના વકીલ રાજીવ ધવને અયોધ્યા સાથે સંબંધિત નકશાને ફાડી નાંખ્યો હતો. બીજી બાજુ હિન્દુ પક્ષના વકીલ વિકાસસિંહે પુસ્તકનો ઉલ્લેખ કરીને કહ્યું હતુંકે, આ પુસ્તકમાં અનેક બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નક્શાને ફાડી નાંખવામાં આવ્યા બાદ બંને વકીલો વચ્ચે જોરદાર ચર્ચા ચાલી હતી. આને લઈને ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ પણ નારાજગી વ્યક્ત કરી હતી હિન્દુ મહાસભાના વકીલ વિકાસસિંહે કહ્યું હતુ કે, અમે અયોધ્યા રિવિઝિટ પુસ્તકને કોર્ટની સમક્ષ રજૂ કરવા ઈચ્છુક છે. કારણ કે આમા રામ મંદિરના પહેલાના અસ્તિત્વનો ઉલ્લેખ છે. બીજી બાજુ મુસ્લિમ વકીલે આની સામે વાંધો ઉઠાવ્યો હતો. અયોધ્યા મામલામાં રામ જન્મભૂમિ ન્યાસ સાથે સંબંધિત રામવિલાસ વેદાંતીએ કહ્યું છે કે, અમે કોઇ કિંમતે રામલલ્લાની જમીનને છોડવા માટે તૈયાર નથી. રામલલ્લાની જીત થઈ ચુકી છે. માત્ર ચુકાદાનો ઈંતજાર છે.